**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૩ ટકા

# સેક્ટર-૬માં ઝુંપડાના દબાણો હટાવી ફેન્સીંગ કરાયુ

## મનપાએ દબાણો સામે આકરા પગલાં ભરવાનુ શરૂ કર્યુ : વન વિભાગને સાથે રાખી સરકારી જમીનોને દબાણમુક્ત કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં ઠેર ઠેર ઉભા થઈ ગયેલા દબાણોને હટાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ સઘન પગલાં ભરવાનુ શરૂ કર્યુ છે. સેક્ટર-૬ની સરકારી જમીન પર ઉભા થઈ ગયેલા અસંખ્ય ઝુંપડાના દબાણોને મનપાની ટીમે હટાવી દીધા છે. દબાણો હટાવ્યા બાદ ખુલ્લી કરવામાં આવેલી સરકારી જમીન પર ફેન્સીંગ કરી દેવાયુ છે જેથી દબાણો પુનઃ ઉભા ન થાય.

ગાંધીનગરમાં અવારનવાર દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરાય છે પરંતુ દબાણો પુનઃ થઈ જતાં સ્થિતિ ઠેરની ઠેર રહે છે. પરંતુ આ વખતે ગાંધીનગર મહાનગરપાલિકાએ કાચા-પાકા દબાણો સામે આકરી ઝુંબેશ શરૂ કરી છે. દબાણો હટાવવાની કામગીરી સઘન બનાવાઈ છે. દબાણો જ્યાં મહત્તમ છે તેવા વિસ્તારોમાં પોલીસ અને વન વિભાગનો કાફલો સાથે રાખીને દબાણો હટાવવામાં આવી રહ્યા છે.

સેક્ટર-૬ ના વિસ્તારમાં પોલીસ સ્ટેશનની આસપાસ મજૂરોના અનેક ઝુંપડાઓ ઉભા થઈ ગયા હતા. આ ઉપરાંત તેના કારણે ન્યુસન્સ પણ ફેલાતુ હતુ. આસપાસ રહેતા વસાહતીઓએ ફરિયાદ કરતા સેક્ટર-૬ના ઝુંપડાના દબાણો હટાવવાની કામગીરી તંત્રએ શરૂ કરી હતી. તમામ દબાણો હટાવીને સરકારી જમીનને દબાણમુક્ત કરાઈ હતી. આ સ્થળે ફરીથી ઝુંપડાના દબાણો ઉભા ન થાય તે માટે તંત્રએ ફેન્સીંગ કરી દીધુ છે.





ગાંધીનગરના સેક્ટર-૨૭ શીવશકિત સોસાયટી ખાતે ઈચ્છાપૂર્તી હનુમાનજી મંદિર ખાતે દર વર્ષેની જેમ આ વખતે પણ ભવ્ય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શીવશકિત સોસાયટી અને આજુબાજુના વિસ્તારોમાં લોકો જોડાયા હતા અને કાર્યક્રમમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

# ગાંધીનગર રોટરી કલબ દ્વારા ૯મીએ અંબોડ ખાતે મેડીકલ કેમ્પ

ગાંધીનગર, તા.૭

આગામી તા. ૦૯ એપ્રિલ, ૨૦૨૩, રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૪૫ કલાક સુધી પ્રાથમિક શાળા, આનંદપુરા (અંબોડ) ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને શ્રી રાજપૂત સીનીયર સિટીઝન ગ્રુપ, અંબોડ દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

આ મેડીકલ કેમ્પમાં તબીબી જગતના જાણીતા ડો.હાર્દિકસિંહ (ઓર્થો.), ડો.નિર્મલસિંહ (ગાયનેક), ડો. કર્મરાજસિંહ (ફીઝીશયન), ડો. સુચિતાબેન ઝવેરી (આયુ. ફિઝીશીયન), ડો.કૃતિ પરમાર (આંખના ડોક્ટર), ડો.અંકુર પરમાર (ડેન્ટીસ્ટ), ડો.સીમા ઠક્કર (આયુ.) દ્વારા ખાસ ઉપસ્થિત રહીને વિનામૂલ્યે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત રોટે.ઈલાબેન વોરા (કેન્સર અવેરનેસ), ડો. જયરામભાઈ ઠક્કર (નેચરોપથી અને યોગા), ફોરમ ગજ્જર (જન ઔષધિ, સે.૨૪) દ્વારા રાહત દરે દવા, શ્રી વિક્રમસિંહ ચાવડા (હાઈ-ટેક પેથોલોજી લેબોરેટરી દ્વારા તપાસ), જુનાણી ચશ્મા ઘર દ્વારા રાહત દરે ચશ્મા, સંસ્કાર આયુ. ક્લીનીક દ્વારા સુવર્ણપ્રાશન અને હિરેન જસાણી (એસ.જે. ફાર્મા.) દ્વારા રાહત દરે આયુર્વેદિક દવાઓ આપવામાં આવશે. મેડીકલ કેમ્પનો લાભ લેવા શ્રી રાજપૂત સિનિયર સીટીઝન ગ્રુપ, અંબોડ-આનંદપુરાના પ્રમુખ શ્રી ભરતસિંહ ચાવડા અને તમામ સદસ્યો તેમજ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ શ્રી પાર્થ ઠક્કર, પ્રોજે. ચેરમેન ભગવતસિંહ ચાવડા અને રોટે. બી. કે. ચાવડા અને ટીમ મેમ્બર્સ દ્વારા જણાવવામાં આવેલ છે.

# રાજ્ય કક્ષાની ઓપન ટેકવોન્ડો સ્પર્ધામાં અડાલજના ૬ ખેલાડીઓ વિજેતા



ગાંધીનગર, તા.૭

સમર્પણ સ્કૂલ, ગાંધીનગર ખાતે ઓપન ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ટેકવોન્ડો એસો. સંચાલિત, એક્શન ટેકવોન્ડો એકેડેમીના ખેલાડીઓએ સ્પેરિંગ અને પૂમસે ઈવેન્ટમાં ભાગ લઈને ૬ ખેલાડીઓ વિજેતા થઈ ગાંધીનગરનું નામ રોશન કરેલ છે. વિજેતા થનાર ખેલાડીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ટીમને કોચ અજય જાડેજા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. સંસ્થાના ચીફ કોચ જતીન દવે તથા હોન. ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાનીએ વિજેતા ખેલાડીઓને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. વિજેતાઓમાં આદિલ પિલ્લઈ-બીજા નંબરની ટ્રોફી, રેની પટેલ-બીજા નંબરની ટ્રોફી, યુગ ચૌહાણ ત્રીજા નંબર, આનંદવીર સિંહ ત્રીજા નંબરની ટ્રોફી, ઈવાન પરમાર ત્રીજા નંબરની ટ્રોફી, મેશ્વા ચૌહાણ ત્રીજા નંબરની ટ્રોફીનો સમાવેશ થાય છે.

# એસટી ડેપોમાં પોલીસ ચોકી સ્થાપવા માંગણી

ગાંધીનગર, તા. ૭

પાટનગરના એસ.ટી. ડેપોમાં પથિકાશ્રમે ખિસ્સાકાતરૂઓનો ભય વધ્યો છે. એસ.ટી. ડેપોમાં મુસાફરોના પર્સ, મોબાઈલ ચોરાવા જેવી ઘટનાઓ અવારનવાર બનતી રહે છે અને હવે તેમાં વધારો થયો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી ચાર મુસાફરોના મોબાઈલ ચોરાવાની ઘટના બની ગઈ છે. એસ.ટી. ડેપોમાં તો શું આસપાસ ક્યાંય પોલીસ ચોકી નથી. જેને કારણે મુસાફરો ઝડપી ફરિયાદ નોંધાવી શકતા નથી. બસમાં ચઢતા મુસાફરોની સલામતી જોખમાઈ રહી છે. અવારનવાર આવી ઘટનાઓ બનતા મુસાફરોમાં ભય પેદા થાય છે. આસપાસ ક્યાય પોલીસ ચોકી ન હોવાથી ખિસ્સાકાતરૂઓ ફાવી ગયા છે. ડેપોના કર્મચારીઓ દ્વારા ખિસ્સા કાતરૂઓને પકડવામાં આવે છે અને પોલીસને સોંપવામાં આવે છે છતા પણ પોલીસચોકીની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. ખિસ્સાકાતરૂઓથી પરેશાન થઈને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી સ્થાપવાની અનેકવાર માંગણી કરી હતી પરંતુ તંત્ર દ્વારા કોઈ ધ્યાન અપાયું નહોતુ. આખરે ગાંધીનગર શહેર વસાહત સંઘે ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકીની વ્યવસ્થા કરવાની માંગણી કરી છે.



# રેડક્રોસ દ્વારા ગીફ્ટ સીટી ખાતે રક્તદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી આઈબીએમ સોફ્ટવેર કંપની ગીફ્ટસીટી ખાતે રક્તદાન કેમ્પમાં ૩૫ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. રકત લેવાની સેવામાં સિવિલ હોસ્પિટલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. આઈબીએમ સોફ્ટવેર કંપની તરફથી દિનેશભાઈ પટેલ, ગૌરવભાઈ પાઠક અને રશ્મિનભાઈએ સહકાર આપ્યો હતો. દરેક રકતદાતાઓને સર્ટીફીકેટ આપવામાં આવેલ તથા માસ્ક અને ગીફ્ટ સીટીમાં વર્કર બહેનોને ૪૦ હાઈજેનિક કીટ વિતરણ કરવામાં આવી હતી. જિલ્લા રેડક્રોસ તરફથી જીલુભા ધાંધલ, નિલેન્દુ વોરા અને રમણીકભાઈ સુરેલીયા તથા પ્રો.રણછોડભાઈ રથવી હાજર રહયા હતા.

આ પ્રસંગે ગીફટસીટીની અન્ય કંપનીઓએ પણ જિલ્લા રેડક્રોસ દ્વારા રક્તદાન મહાદાનના મહા અભિયાનમાં સહભાગી થાય તેવી અપીલ કરી હતી.



# શહેરના દેવળોમાં ગુડફ્રાઈડે નિમિત્તે સામુહિક પ્રાર્થના યોજાઈ

ગાંધીનગર, તા. ૭

શહેરમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા ગુડફ્રાઈડે નિમિત્તે પ્રાર્થના કરીને ઈશુ ખ્રિસ્તના બલિદાન અંગે શોક પ્રગટ કરાયો હતો. ખ્રિસ્તી પરિવારો સવારથી જ પાટનગરના દેવળોમાં સમુહ પ્રાર્થના માટે એકઠા થયા હતા. રોમન સરકારોએ ઈશુ ખ્રિસ્ત પર આરોપો મુકીને તેમને વધસ્તંભ પર ચડાવી મૃત્યુદંડ આપ્યો હતો અને ઈશુ ખ્રિસ્તે શારિરીક, માનસિક, દુઃખ વેઠીને માનવજીવનના કલ્યાણ માટે બલિદાન આપ્યું હતું. ગુડફ્રાઈડે પછીનો રવિવાર ઈશુના પુનરુત્થાનનો દિવસ હોય છે. જેને ઈષ્ટર સંડે કહેવાય છે. પાટનગરમાં આવેલા ચર્ચોમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા પ્રાર્થના, ભજનો અને સ્તુતિનું આયોજન કરાયુ હતુ. તેમજ ઈશુ ખ્રિસ્તના જીવનચરિત્ર્યની વાર્તાઓ કહેવામાં આવી હતી અને ધાર્મિક પુસ્તક બાઈબલનું વાંચન કરવામાં આવ્યું હતું. પ્રાર્થનાઓ દ્વારા આધ્યાત્મિક સંદેશો આપીને ઈશુ ખ્રિસ્તના પગલે ચાલવાની પ્રતિજ્ઞા લેવાઈ હતી.






ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન અને હનુમાન જયંતિ નિમિત્તે પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં પશુ-પંખીઓને પીવાના પાણી માટે ઠેર ઠેર ભટકવુ પડતુ હોય છે. પાણીના કુંડા મુકવામાં આવતા પશુ-પંખીઓને ઉનાળાની ગરમીમાં પાણી મળી રહેશે.

# વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી અંતર્ગત આરોગ્ય તપાસ કેમ્પ




ગાંધીનગર, તા.૭

આજ રોજ ગાંધીનગર સીટી વિસ્તારના અર્બન હેલ્થ સેન્ટર કુડાસણ ખાતે વિશ્વ આરોગ્ય દિવસ ના ઉજવણી ના આ વર્ષની થીમ સાથે તમામને માટે આરોગ્ય ના ભાગરૂપે ટીબીના રોગ નું સ્કીનીંગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અંગેની તપાસના મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ.આ કાર્યક્રમ ને અર્બન હેલ્થ સેન્ટર કુડાસણ ના સ્ટાફ અને ટીબી એચવી નીતિન પટેલ દ્વારા સફળ બનાવવામાં આવેલ.આ કેમ્પમાં ૭૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ કલબ




કે યુ ચાવડા
પ્રમુખ, જય ભીમ સેવા ટ્રસ્ટ
મો. ૯૪૨૯૬ ૩૩૧૧૩



હિયાંશ
કરશનભાઈ મેસરવાલા



હિત ભૂત



દિયાન દિપેશ ચૌહાણ
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬



કેનીલ પટેલ
મો. ૮૪૮૭૮ ૧૩૦૦૭



ગોહિલ જયંતકુમાર ડી.



સેક્ટર-૫-એ, શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી શિવશક્તિ મંદિર ખાતે મારૂતિયજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય યજમાનપદે દિલિપભાઈ સોનીએ સહ પરિવાર ભાગ લીધો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વર્મા સુભાંગોકુવર દિનેશપ્રસાદ ઉ.વ.૭૦, પેથાપુર
- સ્વ.દંતાણી સવિતાબેન ગાભુભાઈ ઉ.વ.૬૦, ટીંટોડા
- સ્વ.પરમાર દલપતભાઈ બેચરભાઈ ઉ.વ.૫૮, સે-૨૪, છાપરા
- સ્વ.વાઘેલા અમૃતલાલ ત્રિકમલાલ ઉ.વ.૮૨, ગાંધીનગર